# વસો કેમ્પસ ખાતે વિદ્યાર્થી સંર્વાંગીણ વિકાસ અર્થે "તમે જ તમારો ખજાનો" વિષય પર વ્યાખ્યાન યોજાયું

કૃષિ મહાવિદ્યાલય – વ- કૃષિ પોલીટેકનીક, આ.કૃ.યુ. વસો ખાતે વિદ્યાર્થી સંઘ દ્વ્રારા તારીખ ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ અને સંર્વાંગીણ વિકાસ અંતર્ગત **"તમે જ તમારો ખજાનો"** વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. સદર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને સહાયક સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી ચૈતન્ય સંઘાણી તત્વ ચિંતક, લેખક અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કલેકટર ઓફીસ, આણંદ દ્વ્રારા પોતાના વિચારો રજુ કરવામા આવ્યા હતા.જેમાં તેઓએ વિદ્યાર્થીઓને પોતાનામાં રહેલી શક્તિઓને ઓળખે,વાંચનનું મહત્વ, વિવેકની સમજણ તથા સનાતન સત્યો અને અસ્તિત્વના રહસ્યો જાણવા પ્રેરણા અને જોશ ભર્યો હતો.વધુમાં વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલી ક્ષમતાઓ અને ત્રુટીઓ વિષેની પ્રશ્નોતરી ખૂબ રસપ્રદ રહી હતી. કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રી ડૉ.વી.પી.રામાણીએ પ્રાસંગોચિત ઉદ્દ્બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. સી. બી. વર્મા કર્યુ હતું અને આભાર વિધી ડૉ. પી. એસ. પંચાલ દ્વ્રારા કરવામાં આવી હતી.

**<u>કાર્યક્રમની ઝાંખી:</u>**






